# એનાટોમી વિભાગ

# જી.એમ.ઈ.આર.એસ.મેડિકલ કોલેજ,વલસાડ

## <u>દેહદાન અંગેની જરૂરી માહિતીઅને સૂચના</u>

મૃત્યુ પછી મૃત શરીર ને રસાયણિક પ્રક્રિયા વડે સાચવી,આ મેડિકલ કોલેજ ના પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. ના વિદ્યાર્થીઓને માનવશરીર રચના શીખવવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. દેહદાન દ્વારા તમે પોતાને / પોતાના સ્વજન ને મૃત્યુ પછી પણ લોકહૃદય માં જીવિત રાખી શકો છો. દેહદાન દ્વારા સ્વીકારાયેલી તમામ ડેડબોડી નો ઉપયોગ કરાયા બાદ એનાટૉમી વિભાગ દ્વારા સમ્માનપૂર્વક વિધિવત અંતિમસંસ્કાર કરવામાં આવે છે. દેહદાન માટેની જરૂરી માહિતી એનાટૉમી વિભાગનો સંપર્ક સાધી મેળવી શકાય છે.દેહદાન ની ઈચ્છા ધરાવનાર વ્યક્તિઓ સંકલ્પ પત્ર ભરી શકે છે. દેહદાન ની ઈચ્છા ધરાવનાર વ્યક્તિઓ એ પોતાના સ્વજનોને આ અંગે ની જાણ અગાઉથી કરી દેવી. સંકલ્પ પત્ર ભર્યું ના હોય પરંતુ મૃત્યુ સમયે પોતાની / સ્વજનોની ઈચ્છા હોય અને નિયમો મુજબ સ્વીકૃત બોડી હોય તો દેહદાન સ્વીકારવા માં આવશે.

<u>દેહદાન અંગે ના નિયમો</u> -

૧. સૌથી નજીકના સગા પતિ/પત્ની/મા/બાપ/ભાઈ/બહેન/પુત્ર/પુત્રવધૂ /પુત્રીજમાઈ /પ્રૌત્ર/પ્રૌત્રી તરફથી આ વિભાગને મૃતદેહદાન (ડેડબોડી ડોનેશન) આપવા માટેની લેખીત અરજી કરવી. અરજીપત્ર દેહદાન સમયે એનાટૉમી વિભાગ માંથી મળશે. આ અરજીમાં બે સાક્ષીની સહીપણકરાવવી.

૨. વૃદ્ધાશ્રમ માં રહેતા વડીલો કે જે પોતાના કુટુંબીજનો સાથે સબંધ ધરાવતા ના હોય તેમણે પણ પોતાના સગાઓ ને જાણ કરવાની રહેશે.તમારા સગાવહાલાઓ ને તમારી દેહદાન અંગેની ઈચ્છા ની જાણ હોવી જ જોઈએ.

૩. વલસાડ બહારથી ડેડબોડી લાવવાની હોય તો લાગુ પડતા પોલીસ સ્ટેશનનુંનો ઓબ્જેકશન સર્ટિફિકેટ (ના વાંધા પ્રમાણપત્ર) સાથે રાખવું જેથી બોડી પહોંચાડવામાં રસ્તે કોઇ તકલીફ ન પડે.

૪. મૃત્યુ થયા પછી વહેલમાં વહેલી તકે મેડિકલ કોલેજ માં જાણ કરવી(એનાટોમી વિભાગનો રૂબરૂ અથવા ફોન દ્રારા સંપર્ક કરવો ) જેથીડેડબોડી જાળવણી કરવા અંગેની તૈયારી કરી શકાય.

૫. એનાટોમી વિભાગ, જીએમઈઆરએસ કોલેજ, વલસાડનો સમય સવારે ૯-૦૦ થી સાંજે ૫-૦૦ (રિસેસસમય બપોરે ૧-૦૦ થી બપોરે૨-૦૦ કલાક) સુધીનો છે. શનિવારે સવારે ૯-૦૦ થી બપોરે ૧-૦૦ સુધીછે.

૬. સાંજે અથવા રાત્રે મૃત્યુ થાય તો સવારે ૯-૦૦ સુધી બોડી લાવી શકાય. સવારમાં અથવા બપોરે મૃત્યુથાય તો સાંજે ૫-૦૦ સુધી બોડી લાવી શકાય. શનિવારે બપોરે ૧-૦૦ સુધી બોડી લાવી શકાય.

૭. શનિવારે બપોરે પછી અથવા રવિ વારે અથવા રજાના દિવસે બોડી પહોંચાડવાની હોય તો નીચે જણાવેલ નંબર ઉપર ફોન દ્રારા સંપર્ક સાંધી બોડી લાવવા અંગેની જાણ કરવી.

૮. જે બોડી અત્રે એનાટોમી વિભાગમાં દાન લાવવામાં આવે તે બોડીનું મૃત્યુના એક અઠવાડીયાનાસમયગાળામાં કોઈ ઓપરેશન થયેલ હોય તો તે ડેડબોડી સ્વીકાર કરવામાં આવશે નહીં.

૯. અત્રેના વિભાગના તરફથી દેહદાન મળ્યા અંગેનું પ્રમાણપત્ર નજીકના સગાને આપવામાં આવશે.

૧૦. મરનારના મૃત્યુ થયાની નોંધ મ્યુનીસિપલ કોર્પોરેશન/નગરપાલિકા/ગ્રામપંચાયતમાં સગાએ જાતેકરાવવાની રહેશે.

૧૧. **સાથે લાવવાના સર્ટિફિકેટ નું લિસ્ટ (<u>તમામ ફરજિયાત</u>) :**

- કુદરતી મૃત્યુ થયા અંગેનું મેડિકલ સર્ટિફિકેટ (ઓછા માં ઓછા એમ.બી.બી.એસ. ડોક્ટર નું). મેડિકલ સર્ટિફિકેટમાં મરનાર વ્યકિતની ઉંમર, મૃત્યુનું કારણ, મૃત્યુની તારીખઅને ચોકક્સ સમય, વ્યક્તિની ઓળખ વિગેરે દર્શાવવું જોઈએ. મેડિકલ સર્ટિફિકેટ ડોક્ટરના લેટર પેડ ઉપર સહી સિક્કા સહીતનું જરૂરી છે.
  - મૃત્યુ પામનાર ના પાસપોર્ટ સાઈઝના બે ફોટા
  - મૃત્યુ પામનાર ના ઓળખપત્ર ની ઝેરોક્ષ કોપી
  - મૃત્યુ પામનાર ની સાથે અવનાર તેના સૌથી નજીકના સગાનાઓળખપત્ર ની ઝેરોક્ષકોપી
  - બે સાક્ષીઓ ના ઓળખપત્રોની ઝેરોક્ષ કોપી

૧૨. દેહદાન કર્યા બાદ સ્વજનો ને ડેડબોડી જોવા દેવામાં આવશે નહિ.

૧૩. ડેડબોડી મેડિકલ કોલેજ માં પહોચાડવાની વાહન વ્યવસ્થા સગઓએ જાતે કરવાની રહેશે.

<u>**નીચે જણાવ્યા પ્રમાણેની ડેડબોડી સ્વીકારી શકાશે નહીં.**</u>

૧.મૃત્યુ થયાના **ચોક્કસ સમય** ના ૬ કલાક પછીની ડેડબોડી. (જે-તે દિવસ ના તાપમાન મુજબ)
૨.પોસ્ટમોર્ટમકે ઓપરેશન કરેલી ડેડબોડી.
૩.એક્સિડંટ માં મૃત્યુ થયેલ હોય એવી ડેડબોડી
૫.ચેપી રોગ,ટી.બી. અથવા એઇડસ રોગવાળી ડેડબોડી.
૬.ચાંદા પડી ગયેલા હોય એવી ડેડબોડી (બેડસોર્સ, ડાયાબિટિક અલ્સર, ગેંગરીન)
૭.શંકાસ્પદ મૃત્યુવાળી ડેડબોડી.
૮. કુદરતી મૃત્યુ થયા અંગેના મેડિકલ સર્ટિફિકેડ વગરની ડેડબોડી.
૯. કૌટુંબિક વિવાદાસ્પદ ડેડબોડી.
૧૦.દુર્ગંધ મારતી ડેડબોડી.
૧૧.કેન્સરથી મૃત્યુ પામેલ વ્યકિતની ડેડબોડી.
૧૨.મૃત્યુ થયા પછી કીડની (ગુડદા) દાન કરેલ ડેડબોડી.

## દેહદાન અંગેની જરૂરી માહિતીના સંપર્ક માટે:

| ક્રમ | નામ | સંપર્ક નંબર: |
|---|---|---|
| 01 | Dr. Pankaj Maheria (ડો.પંકજ મહેરિઆ) | 9974742904 |
| 02 | Dr. Heena Chaudhari (ડો.હિના ચૌધરી) | 9099018517 |
| 03 | Dr.Pragna Patel (ડો.પ્રજ્ઞા પટેલ ) | 9099003802 |
| 04 | Dr. Satish Patel (ડો.સતિષ પટેલ) | 8780924779 |
| 05 | Dr. Kaushika Patel (ડો. કૌશિકા પટેલ) | 9099015523 |
| 06 | Dr. Sonal Patel (ડો. સોનલ પટેલ) | 9825226319 |